R.N.I. No. : GUJGUJ/2000/447-
Ahmedabad Jurisdiction

અયૂબ ૪૦ : ૧૯

# નવક્રાન્તિ

તંત્રી : રોબિન ધોળકીયા • સહતંત્રીઃ પ્રકાશ ધોળકીયા

વેબ સાઇટ :http://jagadishchristian.com email:garvinavkranti @ yahoo.com

અમદાવાદથી દર શનિવારે પ્રસિદ્ધ થતુ સાપ્તાહિક

(મો)૯૮૨૫૧૬૯૩૮૬
ટે.નં.૦૭૯-૬૫૨૧૪૭૫૬

YEAR-24 • ISSUE: 13 DATE: 28-03-2015• SATURDAY • PAGES : 4 • PRICE Rs. One • YERLY-SUB:Rs. 60/-

(સરનામાનું સ્ટીકર ઉખાડયા વગર પરત કરો)
આપનું લવાજમ બાકી છે?હા ( ) ( )-ના ( )

If undelivered pl. return to;
કાર્યાલય :૨/૧૦ સોનિચી એપાર્ટમેન્ટ પી.ટી.કોલેજરોડ,નારાયણનગર પાલડી,અમદાવાદ-૭

## હ્યુમન રાઇટ્સ કમિશનના રીપોર્ટ મુજબ સીરીયામાં છેલ્લા પાંચ વર્ષમાં બે લાખથી વધુ લોકોના સીવીલ વોરમાં મોત નિપજ્યા છે

વિશ્વના સમાચારોમાં સીરીયા તેની સીવીલ વોરની ચોથી એન્વસરીમાંથી પસાર થઈ રહ્યું છે.હ્યુમન રાઈટ્સના અંદાજ મુજબ છેલ્લા પાંચ વર્ષોમાં સીરીયામાં ચાલી રહેલ સીવીલ વોરમાં બે લાખથી વધુ નાગરિકોના મોત નિપજયા છે.ઈન્ટરનેશનલ કોમ્યુનીટી હજુ પણ આ બાબતે કોઈ નિર્ણય પર આવી શકી નથી.સીરીયામાં બે લાખ લોકોની જે કતલ કરવામાં આવી તેમાં મોટા ભાગના લોકોમાં ખ્રિસ્તીઓ અને અન્ય લઘુમતી ધર્મના લોકોનો સમાવેશ થાય છે.અને તેમને જાણી જોઈને જ નિશાન બનાવાય છે.

સીરીયામાં ચાલી રહેલ સીવીલ વોર હવે પાંચમાં વર્ષમાં પ્રવેશ કરી રહી છે.હ્યુમનેટેરીયમ એજન્સી ઓક્ષફામ ઈન્ટરનેશનલના જણાવ્યા પ્રમાણે આંતરરાષ્ટ્રીય સ્તરે નેતાઓનો સહિયારો પ્રયાસ શક્ય બન્યો નહી તેના કારણે પરિસ્થિતિ વિકટ બની છે.ઈન્ટરનેશનલ કોમ્યુનીટીએ આ બાબતે ગહન ચર્ચા કરીને તેનો તોડ કાઢવો જરુરી છે.

સીરીયાની સીવીલ વોર ૨૦૧૧થી શરુ થઈ હતી.જેમાં અનેક ઈસ્લામીક આતંકી સંગઠનો જોડાયા હતા.અને તેઓનો હેતુ સરકારને સત્તા પરથી હાંકી કાઢવાનો હતો.પ્રેસિડેન્ટ બશર-અલ-અસદને પદભ્રષ્ટ કરવા અનેક આતંકી સંગઠનોએ હાથ મિલાવ્યા હતા.પ્રેસિડેન્ટ બશરને યુ.એસ સરકારે ચાલી રહેલ સીવીલ વોરમા નાગરિકો પર રસાયણીક શસ્ત્રો વાપરીને હ્યુમન રાઈટસનો ભંગ કર્યો છે તેવો આરોપ મુકવામાં આવ્યો હતો.યુ.કે બેઝ સીરીયન ઓબર્ઝવેટીવ ફોર હ્યુમન રાઈટ્સે જણાવ્યું હતુ કે રસાયણિક શસ્ત્રોનો ભોગ બનેલા ૧લાખ લોકો સામાન્ય નાગરિકો હતા જેમાં દસ હજાર બાળકો પણ હતા.જો કે પ્રેસિડન્ટ અસદે આ આરોપો સ્વીકાર્યા નહોતા.

યુ.એસ. સેક્રેટરી ઓફ સ્ટેટ,જોન કેરીના જણાવ્યા પ્રમાણે શાંતિ માટેના પ્રયાસો જારી છે.અને હાલમાં તેઓ પ્રેસિડેન્ટ બશર સાથે વાતચીત કરવા તૈયાર પણ છે,અને નવેસરથી શાંતિકરાર માટે તેઓ તૈયારી કરી રહ્યા છે.અમારે હવે શાંતિ સ્થપાય અને સીવીલ વોરનો અંત આવે તેવો જ પ્રયત્ન કરવાનો છે.અમો તે માટે તેમના પર દબાણ લાવવા કોશીશ કરી રહ્યા છીએ.તેથી વિવિધ રીતે તેમની ઉપર દબાણ લાવી રહ્યા છે જેથી કાયમી શાંતિ ઉભી થાય.

સીરીયન સીવીલ વોરમાં ઈસ્લામીક સ્ટેટ આતંકી ગ્રુપ જોડાવાથી વધુ મુશ્કેલીઓ શાતિવાર્તા માટે ઉભી થઈ છે.તેથી બે બાજુ યુધ્ધ લડવાનુ છે.એક બાજુ અશદ અને બીજી બાજુ ઈસ્લામીક ગ્રુપ અને ઈસીસી.ઈસીસે ઈરાકના અનેક શહેરો પર કબજો જમાવ્યો છે.સીરીયા પર કબજો જમાવવા તેઓ તલપાપડ છે.તેથી આ વિસ્તારમાં ઝડપથી શાંતિ સ્થપાય તેવું ઈચ્છીએ છતાં તેમાં અનેક મુશ્કેલીઓ છે.

સીરીયામાં ચાલેલ સીવીલ વોરમાં છેલ્લા પાંચ વર્ષોમાં ખ્રિસ્તીઓની સતાવણીનો આંક ખુબજ વધ્યો છે.ખ્રિસ્તીઓ સરકારી દળો અને આતંકી ગ્રુપો વચ્ચેની લડાઈમાં બકરા તરીકે વધેરાઈ રહ્યા છે.અને હવે જયારે ઈસીસએ આ સીવીલ વોરમાં ઝુકાવ્યુ છે ત્યારેથી સીરીયાના ખ્રિસ્તીઓની સતાવણી અને તેમને નિશાન બનાવવાની ઘટનાઓ વધી ગઈ છે.હાલમાં ૨૫૦ એસેરીયન ખ્રિસ્તીઓ ટેરર ગ્રુપના હાથમાં આવી ગયા છે.

આ સીરીયાની સીવીલ વોર હૃદયને કંપાવી નાંખે તેવા બનાવોના સાક્ષી બનાવી રહ્યું છે.તમામ ધર્મોની કોમો આતંકમાં ધોવાઈ ગઈ છે.માત્ર એકાદ હુમલાની વાત કરીએ તો ખ્રિસ્તી ગામો અને તેમની સૈકાઓ જુની ઐતિહાસિક સંસ્કૃતિને નાશ કરી દેવાઈ છે.ટોડ ડેનિયલ,રીજીનોલ મેનેજર,આઈસીસી,મીડલ ઈસ્ટે આ જણાવ્યું હતું.

## ચાઇનીઝ સરકારે ત્રણ ખ્રિસ્તીઓને જેલ મુક્ત કર્યા

ત્રણ ખ્રિસ્તીઓને ચાઈનીઝ સત્તાવાળાઓ દ્વારા ગેરકાયદેસર અટકાયત કરવામાં આવી હતી.આ ત્રણ વ્યક્તિઓ સત્તાવાળાઓ દ્વારા ગેરકાયદેસર રીતે ચર્ચ બિલ્ડીંગને તોડી પાડવાની કાર્યવાહીનો વિરોધ કર્યો હતો તેથી તેમની અટકાયત કરવામાં આવી હતી.

હજુ બીજા બે અલગ પ્રાંતમાંથી ખ્રિસ્તીઓની ગેરકાયદેસર અટકાયત કરવામાં આવી છે તેઓને છોડવાના બાકી છે.આ પાંચ ખ્રિસ્તીઓને પ્રોટેસ્ટંટ અને કેથલીક ચર્ચોને તોડવાની કાર્યવાહીમાં આડે આવવા બદલ ધરપકડ કરાઈ હતી.હજુ સત્તાવાળાઓ દ્વારા ૪૨૫ ચર્ચોને તોડવાની નોટીસ આપવામાં આવી છે.અને ઘણા બધા ચર્ચોના ક્રોસ તોડી પડાયા છે કે દુર કરવામાં આવ્યા છે.સ્થાનિક ખ્રિસ્તી નેતાઓ દ્વારા જણાવાયું હતુ કે તેઓ સરકાર સામે કોર્ટમાં કેસ કરવાના છે.કારણે અમારી પાસે વીડીયો ઉતારેલા છે જે સત્તાવાળાઓ વિરુધ્ધ પુરતા પુરાવા છે.તેથી કરીને સત્તાવાળાઓએ ત્રણ વ્યક્તિને મુક્ત કર્યા છે.સત્તાવાળાઓ ચર્ચના ક્રોસ તોડી શકે નહી.

## ઓસ્ટ્રેલીયામાં રમાઇ રહેલ વર્લ્ડ કપ ક્રિકેટમાં ભારતની શરમજનક હાર

ઓસ્ટ્રેલીયામાં રમાઈ રહેલ વર્લ્ડ કપ ક્રિકેટમાં ભારત ફાયનલમાં જશે અને જીતશે એવી ભારતના ક્રિકેટ રસીયાઓને ઉમ્મીદ હતી.ભારતના તમામ ખેલાડીઓ માટે દેશના ચાહકોને એક ઉત્કૃષ્ઠ રમતની અપેક્ષા હતી.ભારત ક્રિકેટ વર્લ્ડ કપમાં ગત વર્ષનું ચેમ્પીયન હતુ તેથી આ વખતે પણ તાજ જાળવવા માટે એડી ચોટીનું જોર લગાવશે તેવી સહુ કોઈને અપેક્ષાઓ હતી.પરંતુ આ બધીજ આશાઓ ધુળમાં મળી ગઈ.મોટાભાગના ખેલાડીઓનો દેખાવ અપક્ષાથી વિરુધ્ધ રહ્યો અને ઓસ્ટ્રેલીયા સેમી ફાયનલ જીતી ગયુ.

## થાઇલેન્ડમાં ૪૦૦ થી વધુ ખ્રિસ્તી પાકિસ્તાની રેફ્યુજીઓની ધરપકડ

પાકિસ્તાન દિવસે દિવસે લઘુમતીઓની સતાવણી કરનાર દેશમાં આગળ વધતો જાય છે.પાકિસ્તાનમાં બે મિલિયનથી વધારે ખ્રિસ્તીઓની વસ્તી છે.ઘણા બધા ખ્રિસ્તીઓ પાકિસ્તાનમાં સતાવણીનો સામનો કરી રહ્યા છે.અહીયા તેઓને તેમનો ધર્મ પાળવાની સ્વતંત્રતા છીનવાઈ ગઈ છે જો કે તેમનું બંધારણ તેમને તેમ કરવાની મનાઈ કરે છે પરંતુ મુસ્લીમ કટ્ટરવાદીઓ અન્ય ધર્મીઓ પ્રત્યે તેમનું અસહિષ્ણુતાભર્યુ વર્તન ચલાવે રાખે છે.પરિણામે તાજેતરમાં થાઈલેન્ડમાં પાકિસ્તાનના ખિસ્તીઓ ધાર્મિક સ્વાતંત્રતા મેળવવા માટે શરણાર્થી તરીકે ગયા હતા.પરંતુ હાલમાં થાઈલેન્ડની સરકારે રેફયુજીઓ માટે કડક કાયદાઓ કર્યા છે તેના કારણે ધાર્મિક લઘુમતિઓ માટે ત્યાં ધાર્મિક સ્વાતંત્રતા મુશ્કેલ બની છે.તાજેતરમાં થાઈ સરકારે ૪૦૦ થી વધુ પાકિસ્તાની ખ્રિસ્તી શરણાર્થીઓની ધરપકડ કરી હતી.

થાઈ પોલીસે જે પાકિસ્તાની ખ્રિસ્તીઓની ધરપકડ કરી તેમાં બાળકોનો પણ સમાવેશ થાય છે.કેટલાક પાસ્ટરો જેઓ બેકકોકમાં છે તેમણે સીબીએન ન્યુઝને જણાવ્યુ હતું કે પાકિસ્તાનથી નાસી આવેલા લોકો ધર્મનિદાના ભયે કે મુસ્લીમ કટ્ટરવાદીઓની સતાવણીના ભયે અહીંયા આવ્યા છે.તેઓ રોજગારી અને શરણાર્થી દરજ્જો માંગી રહ્યા છે.આ પૈકીના કેટલાક લોકોએ યુનાઈટેડ નેશન્સ સાથે મુલાકાત પણ ગોઠવી છે.પાકિસ્તાનમાંથી આવેલા કેટલાક ખ્રિસ્તીઓ પૈકીના લોકોએ ઈસ્લામ ધર્મમાંથી ખ્રિસ્તી ધર્મમાં પરિવર્તન કરેલું છે.થાઈલેન્ડમાં આવ્યા બાદ તેઓ ચર્ચો પર આધારિત બન્યા છે. તેઓ ખોરાક અને રહેઠાણ માટે ચર્ચના આશ્રિત છે.પરંતુ થાઈ સરકારનું માનવું છે કે તેઓ ગેરકાયદેસર આવેલ શરણાર્થીઓ છે અને તેથી તેઓનો દેશનિકાલ થાય તે જરુરી છે.

## પાકિસ્તાનમાં ચર્ચ પર થયેલા બોંબ હુમલાઓમાં માર્યા ગયેલાઓની અંતિમ વિધિમાં માનવ સમુદાય ઉમટ્યો

પાકિસ્તાનમાં ઈસ્ટર સીટી લાહોર ખાતે ગત દિવસોમાં ચર્ચો પર થયેલ હુમલાઓમાં માર્યા ગયેલ ખ્રિસ્તી લોકોની અંતિમ વિધિનું આયોજન કરવામાં આવ્યું હતું.તાલિબાન મીલીટંટો દ્વારા બે ચર્ચો પર હુમલા કરવામાં આવ્યા હતા તેમાં ૧૭ લોકોના મૃત્યુ થયા હતા અને ૭૦ જેટલા લોકો ધાયલ થયા હતા.પરિણામે બે દિવસ સુધી લાહોરમાં તોફાનો થયા હતા અને પોલીસ તથા આર્મીને પરિસ્થિતિ કાબુમાં લેવા ભારે મહેનત કરવી પડી હતી.

હજારો પાકિસ્તાની ખ્રિસ્તીઓ ફયુનરલ વિધિમાં ભાગ લેવા માટે ઉમટી પડ્યા હતા.સીક્યુરીટી ટાઈટ કરવામાં આવી હતી.ખ્રિસ્તી વસાહતની નજીકના વિસ્તારોને પોલીસે લગભગ સીલ કરી દીધા હતા.વધુ કોઈ ગંભીર ઘટના ના બને માટે પાંચ હજાર પોલીસ અને પેરામીલીટરી ફોર્સને ખડકી દેવાયો હતો.આ વિસ્તારના મુખ્ય રસ્તાઓ બંધ કરી દેવાયા હતા.સમગ્ર વિસ્તારની દુકાનો પણ લગભગ બંધ રહી હતી.

મેન્યુઅલ મી,પાસ્ટર, જેમણે દફનવિધિમા હાજરી આપી હતી તેમણે જણાવ્યું હતું કે મારે ટેરરીસ્ટોને કહેવું છે કે તેઓ એવું માનતા હોય કે આવી ઘટનાઓને અંજામ આપીને તમે અમોને અમારી આસ્થા અને વિશ્વાસ તોડી નાખશો તો એ ભુલભરેલી બાબત છે.તેમણે બે દિવસ દરમિયાન ગુસ્સે ભરાયેલ ખ્રિસ્તી ટોળાએ મચાવેલા આંતકને વખોડી કઢાયો હતો.ખ્રિસ્તી ટોળાઓએ ચારેબાજુ પથ્થરમારો,રસ્તાઓ બ્લોક કરવા,અને શંકાના આધારે બે લોકોને પકડીને ઘટનાનો ગુસ્સો ઉતાર્યો તે તમામ બાબતો યોગ્ય નહોતી.બે શંકાસ્પદ વ્યક્તિઓ પૈકીના એકના કુટુંબીજને પાકિસ્તાની ન્યુઝપેપરને જણાવ્યું હતું કે તેમનો કુટુબી માત્ર એક દુકાનદાર જ હતો.તે મીલીટંટ નહોતો.પરંતુ શકના આધારે ટોળાએ તેને નિશાન બનાવ્યો હતો.

નવક્રાન્તિ સાપ્તાહિક વેબ સાઇટ ઉપર જોઇ શકો છો
http://jagadishchristian.com
ઉપરોક્ત વેબ સાઈટ ઉપર તથા ફેસબુક http://facebook.com/robin.dholakiaઉપર નવક્રાન્તિ સાપ્તાહિક જોઈ શકાશે.

# નામદાર પોપ ફ્રાંસિસનો દસ મુદ્દાનો કાર્યક્રમ

નામદાર પોપ ફ્રાંસિસે તા.૨૪ નવેમ્બર,૨૦૧૩ના દિવસે એક અતિ મનનીય અને પ્રેરણાદાયી પ્રવચન 'ધ જોય ઓફ ધ ગોસ્પલ' આપ્યુ હતું.પ્રવચનમાં તેમણે દસ મુદ્દા રજુ કર્યા છે. વિશ્વના સૌ ઇસુપંથીઓ આ મુદ્દાઓને પોતાના જીવનમાં અપનાવે તો તેઓ સાચા અર્થમાં ભગવાન ઇસુના સંદેશવાહકો (મિશનરીઓ) બનીને માનવહિતમાં પોતાનું અમુલ્ય અને આજે બહુ જરુરી પ્રદાન કરી શકે છે.વાસ્તવમાં ઇસુના હરેક અનુયાયીને સંદેશવાહક બનવાનું છે.ભગવાન ઇસુએ આપણને જે સુખનો માર્ગ ચીંધ્યો છે તેને આપણી પાસેજ રાખી મુકવને બદલે ચોપાસ આપણાં અન્ય માનવબંધુ-ભગીનીઓને તેની લહાણી કરવાની છે. આપણે એકલા અટુલા નહી પણ સહુએ સાથે મળીને જીવનમાં સુખી થવાનું છે ને આપણી આ ઘરતી પર સ્વર્ગને ઉતારવાનું છે. ના. પોપે રજુ કરેલા દસ મુદ્દા નીચે મુજબ છે.

### ૧.જે 'સર્વસમાવેશક'નથી તેવી આર્થિક નીતિને નન્નો ભણો.

અર્વાચીન આર્થિક વ્યવસ્થા ગરીબો-વંચિતો-હાંસીએ ધકેલાયેલાઓને બાકાત રાખે છે,તેમનો સમાવેશ કરતી નથી ને તેમના પ્રત્યે દુર્લક્ષ સેવે છે.પરિણામે સંપન્નો ને સર્વહારા(હેવ ને હેવ નોટ્સ) વચ્ચેની ખાઇ દિવસે દિવસે બહોળી ને બહોળ થતી જાય છે.

### ૨.'પૈસાની પુજા' ને નન્નો ભણો.

આપણે આજે નવી મુર્તિઓ બનાવી છે.બાઇબલના મહાપ્રસ્થાન ગ્રંથમાં ઉલ્લેખ કરાયો છે તેવી 'પોઠિયાની મુર્તિ' ને આજે આપણે પૈસાના સ્વરુપે પુજીએ છીએ.(મહાપ્રસ્થાન ૩૨: ૧-૩૫

### ૩,આર્થિક વ્યવસ્થા કે નીતિ જે સેવક નહી પરંતુ શાસક છે અર્થાત જે સેવા કરવાને બદલે પ્રજા પર સત્તા અજમાવે છે, તેને નન્નો ભણો.

### ૪.'અસમાનતા' ને નન્નો ભણો.

કારણ માનવો મધ્યે પ્રવર્તતી કોઇ પણ પ્રકારની અસમાનતા (જ્ઞાતિભેદ, લિંગભેદ, વર્ણભેદ, રંગભેદ, ગરીબ-તવંગરના ભેદ..) હિંસા પ્રગટાવે છે.;સુસંપને ઠેકાણે કુસંપ ફેલાવે છે.

### ૫.સ્વાર્થ અને આધ્યાત્મિક ઉદાસીનતાને નન્નો ભણો.

આજે ધર્મવિભાગો(પેરીશો)માં તાલીમ પામેલા ને ઉત્સાહી સ્વયંસેવક-ધર્મ પ્રચારકોની બહુ મોટી ઉણપ જણાય છે. એવી જ રીતે પુરોહતો પણ પોતાન સમય લોકોની સેવામાં આપવામાં કંજુસાઇ કરતા હોય છ.આજે કર્મકાંડોને વિધિવિધાનો થયા કરે છે. પરંતુ વાસ્તવમાં જનસમુદાયોમાં ધાર્મિકતા ક્રમશ :ઘટતી જાય છે.

### ૬.વંધ્ય નિરાશાવાદને નન્નો ભણો.

“જ્યાં જ્યાં નિરાશાવાદ (પેસીમીઝમ) હોય ત્યાં પરાજય નિશ્ચિત છે”. ખ્રિસ્તી આલમ બિનઉપજાઉ(અન પ્રોડકટીવ) વેરાન રણમાં ફેરવાઇ ના જવુ જોઇએ. તેનું કાર્ય,ફરજ અને ભુમિકા તો માનવ સમુહોમાં આશાના અંકુરો વાવવાનું છે.

### ૭.આધ્યાત્મિક દુન્વયવી માનસિકતા(સ્પીરીચ્યુઅલ વર્લ્ડલીનેસ)ને નન્નો ભણો.

“ઇશ્વર આપણને એવી ધર્મસભા કે જેમાં માત્ર આધ્યાત્મિકતાના છુટાછવાયા છાંટા હોય, ત્યારે માત્ર દંભ ને દેખાડો હોય,સાચી ધાર્મિકતાનું દર્શન નહી પણ પ્રદર્શન હોય તેનાથી બચાવી લે!”

### ૮.આપસ આપસમાં ક્લેશ ને ઝગડાને નન્નો ભણો.

ઈર્ષા ને અદેખાઈ ને કારણે ઘણાં કરપીણ યુધ્ધો ખેલાયાં છે.સંત પાઉલ કહે છે કે બુરાઇનો બદલો બુરાઇથી ન આપશો.. બુરાઇને તારા પર વિજય પામવા દઇશ નહિ,પણ ભલાઇથી બુરાઇનો પરાજય કર (રોમ.૧૨) આપણ સૌને બીજી વ્યક્તિઓ પ્રત્યે ગમો-અણગમો હોય તે સ્વાભાવિક છે. પરંતુ તેને વાગોળ્યા ના કરીએ ને આપણામાં તે ઘર ઘાલી ન જાય તેની સાવચેતી રાખીએ.બીજું તો નહીં પણ ઓછામાં ઓછું એમને માટે પ્રાર્થના કરી ઇશ્વરના આર્શીવાદ માંગીએ તો પણ ઘણું કહેવાય.

### ૯.આપણા જીવનમાં પ્રવેશવા ને ત્યા તેમની સતત હાજરી ઇચ્છતા ભગવાન ઇસુના નિમંત્રણને હંમેશા હા પાડો.

પોપ અનુરોધ કરે છે કે ઇસુને આપણે આવુ કહીએ. ભગવાન ઇસુ અત્યાર લગી મે આપના નિમંત્રણ સામે કાન બહેરા કરી દીધા હતા પરંતુ હવે મે શું ગુમાવ્યું છે તેનું મને ખરેખર ભાન થયું છે. હવે હું એવી ભુલ કરવા માંગતો નથી.ઇસુજી આવો, મારા હૃદયના દ્વાર આપના માટે ખુલ્લા છે.આપ આવો ને મારામાં વાસો કરો તો મારુ જીવન અવશ્ય પલટાઇ જશે.

### ૧૦.ઇસુની સાથે પુનઃ નવા સબંધો બાંધીએ.

ઇસુ આપણી કલ્યાણકારી,પુણ્યદાયી ભુમિકાને યાદ કરાવે છે. તમે દુનિયાના દીવા છો. તમે જગતનું લુણ છો. જગતમાં આપણી હાજરીથી ચોપાસ એવો માહોલ રચાવો જોઇએ કે જ્યાં પ્રેમ ને રહેમ હોય, જ્યાં સૌ પરસ્પરની ચિંતા કરતાં હોય, જ્યાં કોઇને કશાની ખોટ પડતી ન હોય, જ્યાં સુખ દુઃખમાં એકબીજાનો ટેકો સાંપડતો હોય, જ્યાં સહુને રહેવાનું ગમે..

તો ચાલો, આપણે સહુ ના. પોપના દસ મુદ્દાના કાર્યક્રમને વધાવી લઇએ ને રોજબરોજના આપણા જીવનમાં તેનો અમલ કરવાનો શુભ સંકલ્પ લઇએ.

(ન્યુ લીડર સામાયિકના માર્ચ ૧.૧૫ના અંકમાં પ્રસિધ્ધ થયેલ લેખ : રીફલેકશન). લેખક : બિશપ એન્તોનીસામી, અનુવાદ :ફાધર વિલિયમ


**લગ્ન વિષયક**

ખ્રિસ્તી શાસ્ત્રાનુસાર અધિકૃત લગ્નવિધિ કરાવનાર

**ગીડીયોન પોલ પરમાર**

(ગર્વ.મેરેજ રજીસ્ટાર)

નં. ૯, કનાન સોસાયટી, મેથોડિસ્ટ ચર્ચ સામે, આણંદ

૦૨૬૯૨-૨૫૦૯૬૯

મો.૯૯૨૪૨૦૫૫૦૫, ૯૭૨૩૩૩૨૩૯૬



**ગ્રાહક મિત્રોને વિનંતી.**

આપનું લવાજમ બાકી છે/પૂરું થયેલ છે.લવાજમ મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલી શકો છો.તમારી જાગૃતતા અમારુ બળ છે.

**નવક્રાન્તિ સાપ્તાહિક**

૨/૧૦ સોનિયા એપાર્ટ. પીટીકોલેજ રોડ,નારાયણ નગર અમદાવાદ - ૭

ફોન નં. ૯૮૨૫૧૬૯૩૮૯-૦૭૯ ૬૫૨૧૪૭૫૬




**વિનંતી**

**તમારી પ્રાર્થનામાં અમારી સેવાઓને ખાસ યાદ રાખશો.**


સેરેના ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત

**કેર કોમ્પ્યુટર સેન્ટર**

ફક્ત રૂ. ૨૦૦/-માં કોમ્પ્યુટર શિક્ષણ...સાથે ઇંગ્લીશ સ્પીકીંગ ફ્રી. માત્ર બહેનો માટે જ ચાલતો કોમ્પ્યુટર કલાસ,

કોમ્પ્યુટરમાં સાક્ષર બની ઉજ્જવળ ભવિષ્ય બનાવો.

**ઓફિસ** :- ૧૧, તેજેન્દ્ર કોમ્પ્લેક્ષ, હાટકેશ્વર સર્કલ પાસે, હાટકેશ્વર, અમરાઈવાડી, અમદાવાદ-૩૮૦૦૨૬.મો. નં:૯૯૨૫૨૭૪૧૭૫


# ટ્રેનમાં એકલી મહિલાએ અલગ બર્થ અપાશે

ટ્રેનોમાં મુસાફરી કરતી એકલ દોકલ મહિલાઓ સાથે થતા અત્યાચારો બાબતે સરકારે નવો રાહ અપનાવ્યો છે.હવે એકલી મુસાફરી કરનાર મહિલાને અલગ બર્થ આપવામાં આવશે.મુસાફરી કરતી છ મહિલાઓનું એક ગ્રુપ બનાવવામાં આવશે. તેમજ જયાં આ છ મહિલાઓને સીટ આપવામાં આવી હોય ત્યા કોઇ પુરુષ યાત્રીને બેસવા દેવામાં આવશે નહિ. રેલ્વે વિભાગે ટ્રેનોના સ્લીપર કલાસના ડબ્બાઓમાં ગર્ભવતી મહિલાઓ અને વરિષ્ઠ નાગરિકો માટે નીચલી સીટોનો ક્વોટા વધારવાનો નિર્ણય લીધો છે.રેલ્વે વિભાગ મુજબ, ગર્ભવતી મહિલાઓ,અને વૃધ્ધ માટે ટ્રેનમાં દરેક ડબ્બામાં નીચેની સીટોનો ક્વોટા બેની જગ્યાએ હવે ૪નો કરાશે.

# ટોલ ટેક્ષના મામલે ગુજરાતને અન્યાય

કેન્દ્ર સરકારે તાજેતરમાં કરેલી જાહેરાત મુજબ ત્રણ ટોલ ટેક્ષ નાબુદ કરવામાં આવ્યા છે. જે ખરેખર વર્ષો પહેલા નાબુદ થઇ ચુકયા હતા.હાલમાં જે ટોલટેક્ષ નાકાઓ પરથી ઉઘરાવાઇ રહ્યો છે તેમાં રાહત આપવાની જરુરીયાત છે.માત્ર મહારાષ્ટ્રના અમુક સ્થાપિત લોકોને ખુશ કરવાની રીત અકળાવનારી છે. ગુજરાતને ખરેખર લાભ થવો જોઇએ.

# વાહનોનો ટેકસ નહી ભરનારને છ મહિનાની કેદની સજા કરાશે

સરકારે વાહનવેરામાં નહી જોગવાઇ કરી છે.વાહન વ્યવહાર મંત્રીએ આ અંગેનુ બીલ વિધાનસભામાં રજુ કર્યુ હતું.જેમા જોગવાઇ મુજબ જે વાહનનો વેરો ત્રણ મહિનાનો ભરાયો નહી હોય તેને આકરો દંડ અને સજા ભોગવવી પડશે.આ દંડ લકઝરી કાર,બાઇક,બસ,ટ્રક જેવા તમામ પ્રકારના વાહનોને લાગુ પડશે.મોટા ભાગે કોમર્શીયલ વાહનો મહિને કે વર્ષે આવો વેરો ભરતા હોય છે.અન સહુથી વધુ ગેરલાભ આવા કોર્મશીયલ વાહનોના માલિકો જ લેતા હોય છે.

દીવ,દમણ,જેવા સ્થળોએ બોગસ સરનામાં પર વાહનો નોધાવીને ફરતાં અને વેરો નહી ભરતા વાહનોને આ કાયદો લાગુ પડશે.ગુજરાતમાં રજીસ્ટ્રેશન કરાવને વેરો ભરેલો હશે તેમને આ કાયદો લાગુ પડશે નહી.નવી જોગવાઇ મુજબ દંડની જોગવાઇમાં વધારો કરવામાં આવ્યો છે.


ખુશ ખબર.. ખુશ ખબર.. ખુશ ખબર...

ખ્રિસ્તી સમાજ માટે બી.પી ઇન્સ્ટુમેન્ટ, ગ્લુકોમીટર, થર્મોમીટર, સ્પાઇરોમીટર તેમજ કોઇપણ સર્જીકલ આઇટમો તદન વ્યાજબી ભાવે મળશે.

**અમી સર્જીકલ**

૧૩,સહયોગ પાર્ક -૧,ન્યુ ગામડી રોડ,આણંદ.૧

જય ક્રિશ્ચિયન મો.:૯૮૨૪૩૬૨૪૬૨-૮૨૩૮૦૦૧૯૮૯


તંત્રીઃ રોબીન ધોળકીયા, મુદ્રક, પ્રકાશક, માલિક, રોબિન ધોળકીયા, ધર્મેશ પ્રિન્ટોરીયમ, નવી પોળ શાહપુર અમદાવાદ ૧ થી છાપી, ૨/૧૦ સોનિયા એપાર્ટ. પી ટી કોલેજ રોડ, નારાયણનગર, અમદાવાદ-૭ થી પ્રસિદ્ધ કર્યુ.